**<u>અમદાવાદ(રૂરલ)ના ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ: નવરંગપુરા, અમદાવાદ.</u>**

**ક્રિ.પ.અ.નં.૬૩૨/૨૦૨૬**
**આંક–**

અરજદાર: (૧) **રમેશભાઈ ધુળાભાઈ તેલી**
ઉ.વ.આ.૪૩,
રહે.૧૫,ક્રિષ્ના સોસાયટી,કેસર સીટીની પાછળ,
મોરૈયા,તા.સાણંદ જી.અમદાવાદ.
**(હાલ: જયુડીશીયલ કસ્ટડીમાં)**

વિરૂધ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

બાબત: **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની જામીન અરજી.**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી કે.એમ.ભવસાર**
**સામાવાળા સરકાર તરફે વિ.પી.પી. શ્રી પી. એમ. ત્રિવેદી**

---

**<u>–: હુકમ :–</u>**

(૧) આ કામનાં અરજદાર/આરોપીને ચાંગોદર પોલીસ સ્ટેશન પાર્ટ–એ. ગુન્હા રજી.નં.૧૧૧૯૨૦૧૫૨૫૧૩૯૪/૨૦૨૫, ભારતીય ન્યાય સહીતાની કલમ–૧૦૩(૧) ,૬૧ (૨)(એ),૨૪૯(એ) તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબના કામે પોલીસ ધ્વારા તા.૧૧/૧૧ /૨૦૨૫ નાંરોજ અટક કરીને અદાલતમાં રજૂ કરતાં અદાલત ધ્વારા જયુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ થતા, ત્યારથી અરજદાર/ આરોપી ઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જેથી અરજદાર/ આરોપીઓ ધ્વારા ભા.ના.સુ.સ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા

માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની અરજી રજૂ થતાં સરકાર તરફે વિ.પી.પી.શ્રીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. સરકાર તરફે વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદી હાજર થયેલ છે. વિ.પી.પી.શ્રી એ તપાસનીશ અધિકારીનું સોગંદનામું તથા તપાસના કાગળો રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીઓની હાલની જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ થયેલ સોગંદનામું વં ચાણે લીધુ. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા સામાવાળા સરકારપક્ષ તર્ફે વિ.પી.પી.શ્રી ને વિગતવાર સાંભળવામાં આવેલ છે.

(૪) અરજદાર/આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીએ તેમની દલીલોમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ર્નિદોષ છે. તેઓએ એફ.આઈ.આર.માં બતાવ્યા મુજબનો કોઈ રોલ ભજવેલ નથી કે કોઈનુ ખુન કરેલ નથી. આ કામના આરોપીનં.–૧ નાએ મરણજનારનું ખુન કરેલ છે. બનાવ સમયે હાલના આરોપી રાજસ્થાન મુકામે હતા હાલના આરોપીને ખોટી રીતે આ ગુન્હામાં સંડોવી દિધેલ છે. હાલના અરજદાર/ આરોપીનુ નામ એફ.આઈ.આર.માં જણાવેલ નથી. હાલના અરજદાર/આરોપી પાસેથી કાંઈ રીકવર કે ડિસ્કવર કરવામાં આવેલ નથી.અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી અરજદાર/આરોપી સ્થાનીક રહીશ છે તેઓ કયાંય નાશીભાગી જાય તેમ નથી. જેથી કોર્ટ ફરમાવે તેવી શરતોને આધિન અમારી

જામીન અરજી મંજુર કરવા અરજ છે.

(૫) સરકાર પક્ષે વિ.પી.પી.શ્રી ની એવી રજૂઆત છે કે, તેઓએ આ કામે તપાસનીશ અધિકારીનું સોગંદનામું રજૂ કરેલ છે અને તે તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે અને જણાવેલ છે કે, આ કામના બનાવમાં મરણજનારે લલીત હેર કટીંગ નામની દુકાન ચાલુ કરતા હાલના અરજદાર/આરોપીની સાવરીયા હેર કટીંગની દુકાનમાં નુકશાન થવાના આશયથી આરોપીનં.-૧ નાઓને મરણજનારને મારી નાખવા માટે જણાવેલ અને આરોપીનં.-૧ નાને આરોપીનં.-૩ પાસેથી છરી અપાવેલ અને પોતે રાજસ્થાન મુકામે જતા રહી મરણજનારને મારી નાખવાનુ કાવતરૂ ઘડી પાર પાડેલ છે.આ કામે ચાર્જશીટ થઈ ગયેલ હોવાથી સંજોગો બદલાયેલ નથી. અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો ટ્રાયલ સમય આરોપી હાજર રહે નહી તેવી શકયતા નકારી શકાય નહી અને સાહેદોને ડરાવી ધમકાવી કેસને નુકશાન કરે તેમ હોય જેથી અરજી નામંજુર કરવા ભારપૂર્વક રજુઆત કરી છે.

District & Sessions Court Ahmedabad[Rural] सत्यमेव जयते

(૬) બંને પક્ષોની ઉપરોકત દલીલો તેમજ તપાસના કાગળો ધ્યાને લેતા, આ કામે સમગ્ર રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા, આરોપી સામે ખુન જેવા ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. સદર બનાવમાં મરણજનારે લલીત હેર કટીંગ નામની દુકાન ચાલુ કરતા હાલના અરજદાર/આરોપીની સાવરીયા હેર કટીંગની દુકાનમાં નુકશાન થવાના આશયથી આરોપીનં.-૧ નાઓને મરણજનારને મારી નાખવા માટે જણાવેલ અને આરોપીનં.-૧ નાને આરોપીનં

.–૩ પાસેથી છરી અપાવેલ અને પોતે રાજસ્થાન મુકામે જતા રહી મરણજનારને મારી નાખવાનુ કાવતરૂ ઘડી પાર પાડેલ છે.આરોપીની ગુનાહિત માનસીકતા છતી થાય છે આમ, આરોપી સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. આરોપી સામેના ગુન્હાની ગંભીરતા જોતા,આ કામે અરજદાર/આરોપી વિરૂધ્ધ આ અન્વયેનું ચાર્જશીટ અદાલતમાં દાખલ થયેલ હોવાથી સંજોગો બદલાતા નથી જેથી તે હકીકતને હળવાશથી લઈ શકાય નહીં. અરજદાર/આરોપી મુળ રાજસ્થાનના વતની છે જો જામીન મુકત કરવામાં આવે તો, ટ્રાયલ સમયે હાજર રહે નહી તેવી પુરી શકયતા રહેલ હોય, જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય કેસ જણાઈ આવતો ન હોય સદર અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

**આ હુકમની જાણ કરતી જરૂરી યાદી સંબંધીત અદાલત તથા સંબંધીત પોલીસ સ્ટેશનમાં કરવી.**

હુકમ, આજ તારીખ–૧૧–મી, માહે– માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૦૩/૨૦૨૬

**(દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા
કોડ નં.જીજે ૦૦૬૧૨

District & Sessions Court Ahmedabad(Rural) सत्यमेव जयते